# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 27.07.2026** **MORNING: 7.45 TO 7.55**
**Day: MONDAY** **National News**

આકાશવાણી સમાચાર **જયેશ વેગડા** વાંચે છે.

**************************************************

1) લોકસભામાં આજે જાહેર પરીક્ષાઓ (અન્યાયી માધ્યમો નિવારણ) સુધારા વિધેયક 2026 રજૂ કરાશે.

2) પ્રધાનમંત્રીએ પરીક્ષા સુધારા અંગે છ સભ્યોની ઉચ્ચ સ્તરીય ટાસ્ક ફોર્સની રચનાની જાહેરાત કરી.

3) અમેરિકા અને ઈરાને સતત બીજા દિવસે હુમલાઓ અટકાવ્યા - યુદ્ધવિરામ અંગે વાટાઘાટો ફરી શરૂ થવાની આશા.

4) ફ્રાન્સ અને સ્પેનમાં જંગલમાં લાગેલી ભારે આગને કારણે લગભગ ત્રણ લાખ લોકોને સ્થળાંતરિત કરાયા.

5) ભારતે હરારેમાં રમાયેલી ત્રીજી અને અંતિમ ટી20 મેચમાં ઝિમ્બાબ્વેને 35 રનથી હરાવીને શ્રેણીમાં ક્લિન સ્વીપ કર્યું.

6) મીરાબાઈ ચાનુએ ગ્લાસગોમાં કોમનવેલ્થ ગેમ્સમાં સુવર્ણ ચંદ્રક જીત્યો.

..................................................................

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

**હવે પછી આપ એક વાગીને 20 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો....**

# PARLIAMENT-BILL

સરકાર આજે લોકસભામાં જાહેર પરીક્ષાઓ (અન્યાયી માધ્યમો નિવારણ) સુધારા વિધેયક 2026 રજૂ કરશે. આ વિધેયક જાહેર પરીક્ષાઓ (અન્યાયી માધ્યમો નિવારણ) અધિનિયમ 2024 માં સુધારો કરવાનો પ્રયાસ છે. વિધેયક કેન્દ્રીય મંત્રી ડૉ. જીતેન્દ્ર સિંહ ગૃહમાં રજૂ કરશે.

કેન્દ્રીય મંત્રીમંડળે ગત શુક્રવારે મુસદ્દા વિધેયકને મંજૂરી આપી, જેમાં ફાસ્ટ-ટ્રેક કોર્ટની સ્થાપના અને પરીક્ષાઓમાં પેપર લીક અને અન્યાયી માધ્યમોના ઉપયોગના કેસોમાં સખત સજાની જોગવાઈ છે.

# PM-EXAM TASK FORCE

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ જાણીતા ટેક્નોલોજી નિષ્ણાત નંદન નીલેકણીની અધ્યક્ષતામાં પરીક્ષા સુધારણા પર એક ઉચ્ચસ્તરીય ટાસ્ક ફોર્સની રચના કરવાની જાહેરાત કરી છે. એક વીડિયો સંદેશમાં શ્રી મોદીએ જણાવ્યું કે, ટાસ્ક ફોર્સ પરીક્ષા પ્રણાલીને મજબૂત કરવા પર ધ્યાન કેન્દ્રિત કરશે અને તેની ભલામણોના આધારે આગામી પરીક્ષાઓની વિશ્વસનીયતા સુનિશ્ચિત કરવા માટે વહેલી તકે જરૂરી પગલાં લેવાશે.

(BYTE- PM-MODI---TASK-FORCE)

આ ટાસ્ક ફોર્સમાં ભૂતપૂર્વ IB ડિરેક્ટર તપન ડેકા, ભૂતપૂર્વ ISRO ચેરમેન એસ સોમનાથ, IIT ચેન્નાઈ ડિરેક્ટર વી કામકોટીનો પણ સમાવેશ થાય છે.

# DELHI WOMEN-MINORITY COMMISSION

દિલ્હી સરકારે દિલ્હી મહિલા આયોગ અને દિલ્હી લઘુમતી આયોગની રચના કરી છે. લતા ગુપ્તાને દિલ્હી મહિલા આયોગના અધ્યક્ષ તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે, જ્યારે શ્યામ બાલા, માલતી વર્મા, લતા સોઢી, સનિકા શર્મા ઝા અને રેણુ ભલ્લાને સભ્યો તરીકે નિયુક્ત કરાયા છે.

નિર્મલ જૈનને દિલ્હી લઘુમતી આયોગના અધ્યક્ષ તરીકે જ્યારે કુલદીપ સિંહ અને મોહમ્મદ હારુનને સભ્યો તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે.

મુખ્યમંત્રી રેખા ગુપ્તાએ જણાવ્યું હતું કે આ પહેલનો ઉદ્દેશ્ય મહિલાઓના અધિકારોનું રક્ષણ વધારવા, તેમના સશક્તિકરણને પ્રોત્સાહન આપવા, લઘુમતી સમુદાયોના કલ્યાણને સુનિશ્ચિત કરવા અને તેમના બંધારણીય અધિકારોનું રક્ષણ કરવાનો છે.

# IMD - WEATHER

હવામાન વિભાગે આજે ઓડિશા અને છત્તીસગઢમાં અલગ અલગ સ્થળોએ અતિ ભારે વરસાદની આગાહી કરી છે. પૂર્વ ઉત્તરપ્રદેશ, પશ્ચિમ બંગાળ, કોંકણ, ગોવા, મધ્ય મહારાષ્ટ્ર અને ઉત્તરાખંડમાં અલગ અલગ સ્થળોએ ભારેથી અતિ ભારે વરસાદ થવાની સંભાવના છે.

વિભાગે અરુણાચલ પ્રદેશ, આસામ, મેઘાલય, નાગાલેન્ડ, મણિપુર, મિઝોરમ અને ત્રિપુરાના અલગ અલગ સ્થળોએ આજે ભારે વરસાદ થવાની સંભાવના દર્શાવી છે. દરિયાકાંઠાના આંધ્રપ્રદેશ, દરિયાકાંઠાના કર્ણાટક, પૂર્વ મધ્યપ્રદેશ, ગુજરાત, હરિયાણા, ચંદીગઢ, દિલ્હી, હિમાચલ પ્રદેશ, ઝારખંડ, કેરલમ, માહે, પંજાબ, વિદર્ભ અને પશ્ચિમ ઉત્તરપ્રદેશમાં પણ ભારે વરસાદ થવાની સંભાવના છે.

# US – IRAN

અમેરિકા અને ઈરાને સતત બીજા દિવસે હુમલાઓ અટકાવી દીધા છે, જેનાથી લગભગ બે અઠવાડિયાના લશ્કરી તણાવ પછી વચગાળાના યુદ્ધવિરામ પર વાટાઘાટો ફરી શરૂ થવાની આશા જાગી છે. સંયુક્ત રાષ્ટ્રમાં અમેરિકાના રાજદૂત માઈક વોલ્ટ્ઝે જણાવ્યું હતું કે રાષ્ટ્રપતિ ટ્રમ્પ રાજદ્વારી વાટાઘાટોને મંજૂરી આપી રહ્યા છે, અને ઓમાન, ઈરાન અને અન્ય વાટાઘાટકારો છેલ્લા કેટલાક અઠવાડિયાથી તમામ સ્તરે વાતચીત કરી રહ્યા છે. વોલ્ટ્ઝે એવા સૂચનોને પણ ફગાવી દીધા હતા કે અમેરિકા પાસે ઈરાની હુમલાઓ સામે રક્ષણ માટે ઉપયોગમાં લેવાતી ઇન્ટરસેપ્ટર મિસાઈલો ઓછી થઈ રહી છે.

ઈરાની લશ્કરી પ્રવક્તાએ જણાવ્યું હતું કે તેહરાને જવાબી કાર્યવાહીમાં પ્રદેશમાં હુમલાઓ બંધ કરી દીધા છે. પ્રવક્તાએ પુષ્ટિ આપી હતી કે અમેરિકાએ તેના અભિયાનને બંધ કર્યા બાદ  છેલ્લી બે રાત્રે કોઈ હુમલા થયા નથી.

તાજેતરના દિવસોમાં જોર્ડનમાં અમેરિકી લશ્કરી થાણાઓ પર ઈરાની હુમલાઓમાં ત્રણ અને ઇરાકમાં એક અમેરિકી સૈનિક માર્યા ગયા. દરમિયાન, ઈરાન અને ઓમાનએ હોર્મુંઝ સમુદ્રધુનીના સંચાલન પર તેહરાનમાં ટેકનિકલ વાટાઘાટો કરી છે. વધુમાં ઇઝરાયલના પ્રધાનમંત્રી બેન્જામિન નેતન્યાહુ પ્રાદેશિક પરિસ્થિતિ અંગે રાષ્ટ્રપતિ ટ્રમ્પ સાથે વાટાઘાટો માટે આવતીકાલે વોશિંગ્ટનમાં ઉપસ્થિત રહેશે.

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલોં કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

. . . . . . . . . . . . . .

ડેસ્ક

# FRANCE-WILDFIRE

ફ્રાન્સ અને સ્પેનમાં જંગલમાં લાગેલી ભારે આગને કારણે લગભગ ત્રણ લાખ લોકોને સ્થળાંતર કરી સુરક્ષિત સ્થાને પહોંચાડવવામાં આવ્યા છે. ઝડપથી ફેલાતી આગને બુઝાવવા માટે અગ્નિશામકો સંઘર્ષ કરી રહ્યા છે.

ફ્રાન્સમાં ઐતિહાસિક શહેર બોર્ડ્રોની બહારના વિસ્તારો તરફ આગ આગળ વધતાં આશરે બે લાખ વીસ હજાર લોકોને સ્થળાંતર કરાવવામાં આવ્યા છે. એટલાન્ટિક કિનારા પર આવેલા કેપ ફેરેટ દ્વીપકલ્પ પર આગના કારણે ભારે વિનાશ થયો છે અને તે શહેરથી લગભગ 15 કિલોમીટર દૂર ફેલાઈ ગયો છે.

બોર્ડ્રોના મેયર થોમસ કૈજેનાવે જણાવ્યું હતું કે શહેર ખાલી કરાવવાની કોઈ તાત્કાલિક યોજના નથી, પરંતુ અધિકારીઓ પરિસ્થિતિ પર ચાંપતી નજર રાખી રહ્યા છે. ફ્રાન્સના ગૃહમંત્રી લોરેન્ટ નુનેઝે જણાવ્યું હતું કે આગ હજુ પણ નિયંત્રણ બહાર છે અને બોર્ડ્રો મહાનગર વિસ્તાર તરફ આગળ વધી રહી છે. પોલીસે માર્ચેપ્રાઇમ અને સેસ્ટાસ શહેરોમાં રાતોરાત સાવચેતી તરીકે રહેવાસીઓને સ્થળાંતર કરાવ્યા હતા.

સ્પેનમાં 75 હજારથી વધુ લોકોને સ્થળાંતર કરાવવામાં આવ્યા છે, જ્યારે અન્ય ત્રીસ હજાર લોકોને ઘરની અંદર રહેવાનો આદેશ આપવામાં આવ્યો છે. પ્રધાનમંત્રી પેડ્રો સાંચેઝે મેડ્રિડ અને ટોલેડોના આગગ્રસ્ત વિસ્તારોની મુલાકાત લીધી, તેમજ જંગલની આગથી પ્રભાવિત ત્રણ મધ્ય પ્રાંતોમાંથી એક, અવિલાની મુલાકાત લીધી, જ્યાં કટોકટી ટીમો દ્વારા આગને કાબુમાં લેવાના પ્રયાસો ચાલુ છે.

# GERMANY-ATTACK

જર્મનીમાં બર્લિન પ્રાઇડ ફેસ્ટિવલ પર ઘાતક હુમલાના શંકાસ્પદને શહેરની બહાર પોલીસે ઠાર કર્યો છે. આ હુમલામાં એક વ્યક્તિનું મોત થયું હતું અને 29 લોકો ઇજાગ્રસ્ત થયા હતા. શંકાસ્પદની ઓળખ અબ્દુલ બળ્લૌત તરીકે કરવામાં આવી છે, જે લેબનીઝ મૂળનો જર્મન નાગરિક છે. બર્લિન શહેરની મધ્યમાં થયેલા આ હુમલા બાદ લગભગ 24 કલાકની શોધખોળ બાદ તેને ઠાર કરાયો હતો. બર્લિનના વકીલોએ જણાવ્યું હતું કે શંકાસ્પદ વ્યક્તિએ અગાઉ આતંકવાદી ઇસ્લામિક સ્ટેટ જૂથમાં જોડાવાનો પ્રયાસ કર્યો હતો.

જર્મનીના ગૃહમંત્રી એલેક્ઝાંડર ડોબ્રિન્ડે અગાઉ પ્રાઇડ ફેસ્ટિવલ નજીક લોકોને કચડી નાખવાની અને છરા મારવાની ઘટનાને શંકાસ્પદ આતંકવાદી હુમલો ગણાવ્યો હતો. આ હુમલો શનિવારે રાત્રે ઉત્સવના સમાપન સમારોહનું આયોજન કરતા એક પાર્ક નજીક થયો હતો, જ્યાં શંકાસ્પદ વ્યક્તિએ કથિત રીતે ભીડમાં વાન ચલાવી હતી અને પછી લોકો પર હથિયાર વડે હુમલો કર્યો હતો.

# CRICKET - T20I

ભારતે ગઈકાલે હરારેમાં રમાયેલી ત્રીજી અને અંતિમ ટી20 આંતરરાષ્ટ્રીય મેચમાં યજમાન ઝિમ્બાબ્વેને 35 રનથી હરાવીને શ્રેણીમાં કિલન સ્વીપ કર્યું. 193 રનના લક્ષ્યનો પીછો કરતા ઝિમ્બાબ્વે નિર્ધારિત 20 ઓવરમાં 7 વિકેટે માત્ર 157 રન જ બનાવી શક્યું. ભારત તરફથી મયંક યાદવે ત્રણ અને યશ ઠાકુરે બે વિકેટ લીધી.

પ્રથમ બેટિંગ કરતા ભારતે નિર્ધારિત 20 ઓવરમાં 5 વિકેટે 192 રન બનાવ્યા. વૈભવ સૂર્યવંશીએ 49 બોલમાં 81 રન બનાવ્યા, જ્યારે ઇશાન કિશને 29 રનનું યોગદાન આપ્યું. ઝિમ્બાબ્વે તરફથી બ્રેડ ઇવાન્સે બે વિકેટ લીધી.

દરમિયાન ભારતે આ જિત બાદ ICC પુરુષ T20 આંતરરાષ્ટ્રીય રેન્કિંગમાં નંબર એક સ્થાન પાછું મેળવ્યું છે.

# COMMONWEALTH GAMES

વેઇટલિફ્ટિંર મીરાબાઈ ચાનુએ ગ્લાસગોમાં 2026 કોમનવેલ્થ ગેમ્સમાં પોતાની ઇવેન્ટમાં સુવર્ણ ચંદ્રક જીત્યો છે. ભારતનો આ સ્પર્ધામાં પ્રથમ સુવર્ણ ચંદ્રક છે.

## (BYTE: MIRABAI CHANU)

ચાનુએ મહિલાઓની 48 કિલોગ્રામ શ્રેણીમાં 190 કિલોગ્રામ રેકોર્ડબ્રેક વજન ઉપાડી શાનદાર પ્રદર્શન કર્યું. ચાનુએ સ્નેચમાં 85 કિલોગ્રામના ક્લીન એન્ડ જર્કમાં 105 કિલોગ્રામ વજન ઉપાડીને કોમનવેલ્થ ગેમ્સના નવા રેકોર્ડ બનાવ્યા. આ જીત સાથે તેણીએ 2018 અને 2022 માં સુવર્ણ ચંદ્રક જીત્યા બાદ સતત ત્રીજો કોમનવેલ્થ ગેમ્સનો સુવર્ણ ચંદ્રક જીત્યો છે.

ઉપરાષ્ટ્રપતિ સી.પી. રાધાકૃષ્ણન અને પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ મીરાબાઈ ચાનુને તેમની સિદ્ધિ બદલ અભિનંદન પાઠવ્યા. ઉપરાષ્ટ્રપતિએ તેમના સમર્પણ, દ્રઢતા અને સતત શ્રેષ્ઠતાની પ્રશંસા કરી, જ્યારે પ્રધાનમંત્રીએ આ વિજયને ભારતીય વેઇટલિફ્ટિંગના ઇતિહાસમાં બીજો એક ગૌરવશાળી પ્રકરણ ગણાવ્યો અને તેમની સતત સફળતાની શુભેચ્છા પાઠવી.

આ ઉપરાંત ભારતે વેઇટલિફ્ટિંગમાં બે રજત ચંદ્રક પણ જીત્યા. ચાનંબમ ઋષિકાંત સિંહે પુરુષોની 60 કિલોગ્રામ શ્રેણીમાં કુલ 264 કિલોગ્રામ વજન ઉપાડીને રજત ચંદ્રક જીત્યો. તેણે સ્નેચમાં 121 કિલોગ્રામ વજન ઉપાડીને કોમનવેલ્થ ગેમ્સના રેકોર્ડની બરાબરી કરી.

રાજા મુથુપંડીએ પુરુષોની 65 કિલોગ્રામ શ્રેણીમાં સ્નેચમાં 126 અને ક્લીન એન્ડ જર્કમાં 160 એમ કુલ 286 કિલોગ્રામ વજન ઉપાડી રજતચંદ્રક જીત્યો.

બોક્સિંગમાં જદુમણિ સિંહે પાકિસ્તાનના સુમામા રહેમાનને હરાવીને પુરુષોની 55 કિલોગ્રામ  વર્ગની ક્વાર્ટર ફાઇનલમાં પ્રવેશ કર્યો, જ્યારે પ્રીતિ પવારે માલાવીની ડેબોરાહ માટેન્જેને હરાવીને મહિલાઓની 54 કિલોગ્રામ વર્ગની ક્વાર્ટર ફાઇનલમાં પ્રવેશ કર્યો. ભારતની મેડલ સંખ્યા હવે ચાર થઈ ગઈ છે. આમાં એક સુવર્ણ, બે રજત અને એક કાંસ્ય ચંદ્રકનો સમાવેશ થાય છે.

## અને હવે આજના અખબારોના મુખ્ય સમાચાર રજૂ કરે છે કરણ મકવાણા

- પરીક્ષા સુધારા માટે ટાસ્ક ફોર્સની રચનાના સમાચાર વિવિધ અખબારોની હેડલાઇનમાં વાંચવા મળી રહયાં છે.
- ગુજરાત સમાચારની હેડલાઇન છે – પેપર ફૂટતા રોકવાની જવાબદારી નંદન નિલેકણીને સોંપાઈ
- સંદેશ લખે છે – પરીક્ષા સુધારા માટે ટાસ્ક ફોર્સની રચના:મોદી
- નવગુજરાત સમયની હેડલાઇન છે – પેપર લીક પ્રૂફનો આધાર નિલેકણી, વડાપ્રધાન મોદીએ ટાસ્ક ફોર્સની રચના કરી
- હિન્દી અખબાર રાજસ્થાન પત્રિકા લખે છે – રીલને બદલી રાજનીતિ, અબ આઇટી નહીં... ઇનસ્ટાગ્રામ સેલ
- સ્થાનિક સમાચારોમાં રાજ્યમાં ભારે વરસાદ બાદ સ્થિતિની સમિક્ષા અને રાહત સર્વે અંગેના સમાચાર વાંચવા મળી રહયાં છે.
- સંદેશ લખે છે – વરસાદી આફતને પગલે સપ્તાહમાં જ ગુજરાતમાં 321 મકાનોને નુકસાન